**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૧૦/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૪/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી અને ૨૬ વ્યક્તિઓને ઝડપી ૩૯ લીટર દેશી દારૂ, ૩૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૧ કાર, ૧ ઓટોરિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૫/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૬/૧૫</u>**

**નરોડાઃ** સોનલબહેન રમેશભાઈ દેસાઈ (ઉ.વ.૧૭)(રહે.વિજય ફાઉન્ડી પ્લોટ કેનાલની બાજુમાં જીઆઈડીસી નરોડા) ને તા.૨૩/૯/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી મિતેશ ગીરીશકુમાર ચૌહાણ (રહે.રોજા કટારીયા તાલુકો આમોદ જીલ્લો ભરૂચ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સોનલબહેનના માતા લક્ષ્મીબહેન દેસાઈએ તા.૧૬/૧૦/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**કાગડાપીઠઃ** કલ્યાણભાઈ સવજીભાઈ પરમાર (રહે.પઠાણની ચાલી ગીતામંદીર) એ તા.૧૬/૧૦/૧૫ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર મયુર (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી એમ મકવાણા ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૭/૧૫**

**મણીનગરઃ** ગીતાબહેન વિક્રમભાઈ કિંજલે ( હાલ રહે.ડીલક્ષ ફ્લેટ ગુડલક હોલ સામે દક્ષીણી મણીનગર) એ તા.૧૬/૧૦/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૬/૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી પતિ વિક્રમ હનુમંત કિંજલે અને સાસરીયા (તમામ રહે. ગામ કઠાપુર તાલુકો કોરેગાવ જીલ્લો સતારા મહારાષ્ટ્ર) એ ભેગા મળી વિક્રમભાઈના લગ્ન થઈ ગયેલ હોવા છતા ગીતાબહેન સાથે લગ્ન કરી ગીતાબહેનને શારીરીક અને માનસીક ત્રાસ આપી લગ્નગાળાના સમયગાળા દરમ્યાન ગીતાબહેનના ખાતામાંથી વિક્રમભાઈએ રૂપિયા ૧૮,૦૦,૦૦૦/- ઉપાડી લઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે વી બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૮/૧૫**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નરેશભાઈ મનુભાઈ ખારૈયા (રહે.પ્રોફેસર કોલોની ચાઇલ્ડ કેર હોસ્પીટલની ગલી વિજય ચાર રસ્તા નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૧૫ કલાક ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાન તેમજ સાહેદના મકાનમાંથી અજાણી વ્યક્તિ મોબાઈલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ७૩,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ જે ચૌહાણ ચલાવે છે.

**સેટેલાઈટઃ** ધવલ ગુણવંતરાય પટેલ (રહે.આકૃતી સોસાયટી જોધપુર ગામ સેટેલાઈટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ કલાક ૬/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાન માંથી અજાણી વ્યક્તિ લેપટોપ નંગ-૩ અને મોબાઈલ ફોન મળી કુલ કિમત રૂપિયા ૫૦,૦૦૦/-મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગવાનભાઈ મોતીભાઈ ચલાવે છે.

**સોનાનુ મંગળસુત્ર ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૯/૧૫**

**નરોડાઃ** પરેશભાઈ લક્ષ્મણભાઈ ગીલાતર (રહે.શાંતીનગર જનતાનગર સામે નરોડા) તા.૧૫/૧૦/૧૫ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે નરોડા દેવી સીનેમા રોડ ભાગ્યોદય સોસાયટી સામેથી તેમના પત્નીને મોતર સાયકલ પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પરેશભાઈના પત્નીના ગળામંથી સોનાનુ મંગળ સુત્ર કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પરેશભાઈ ગીલાતરે તા.૧૬/૧૦/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૦/૧૫**

**નરોડાઃ** ધનજીભાઈ પરષોત્તમભાઈ મકવાણા (રહે.ચામુંડાની ચાલી નરોડા રેલવે ફાટક પાસે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૦/૧૫ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે ધનજીભાઈના માતા જલુબહેન (ઉ.વ.७૦) ઘર નજીક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે એકટીવા નંબર જીજે ૧ પીએમ ७૯૫૯ ના ચાલકે એકટીવા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી જલુબહેનને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી પી સોલંકી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૧૧/૧૫**

**ઘાટલોડીયાઃ** મંદાબહેન વિજયભાઇ રેણુકા (ઉ.વ.૪૪) (રહે. કર્મચારીનગર વિભાગ-૧ ઘાટલોડીયા) તા.૯/૧૦/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ચાલુ કરવા જતા કોઇ કારણસર ભડકો થતા કપડા સળગતા શરીરે ગંભીર રીતે દાજી ગયા હતા. સારવાર માટે સ્ટર્લિંગ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જયાં સારવાર દરમ્યાન તા.૧૫/૧૦/૧૫ રાતના ૧૧/૨૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ બળવંતસિંહ અર્જુનસિંહ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ભુલથી એસીડ પી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૧૨/૧૫</u>**

**ઘાટલોડીયાઃ** મુકેશભાઇ વિજયભાઇ પવાર (ઉ.વ.૨૩) (રહે.સંજયનગરના છાપરા ગેટ નં ૧ મંગલમુર્તિ એપાર્ટ બાજુમાં ઘાટલોડીયા) તા.૮/૮/૧૫ સાંજના ૭/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી એસીડ પી જતા સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૬/૧૦/૧૫ કલાક ૮/00 વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ કમલેશભાઇ કાળાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)